## જન્મદિને વધામણી



દીપકભાઈ ભટ્ટ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૭૧૨૯ ૮૫૨૯૯



નરેનભાઈ પરમાર
શિક્ષક, મો. ૯૪૨૭૨ ૭૧૫૯૨



અશ્વિનકુમાર ગોવિંદલાલ પારેખ
હેર ડ્રેસર
મો. ૯૮૨૪૫ ૩૧૮૧૮



ચેતનસિંહ એસ વાઘેલા



અનંતરાય એચ મહેતા
મો. ૯૮૭૯૮ ૧૫૨૯૭

# ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓ અંધજન મંડળની મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓએ અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદની મુલાકાત લીધી હતી, તેના સઘળા વિભાગો વિશે વિશદ માહિતી એકત્ર કરી હતી અને વિશિષ્ટોને સહાય કરવાની પોતાની ભાવના વ્યક્ત કરી હતી.

અંધજન મંડળ ખાતે ચાલતા પેપરક્રાફ્ટ વિભાગ, ફર્નીચર વિભાગ, ગૃહ ઉદ્યોગ વિભાગ, અંધ વિદ્યાર્થીઓ દ્વારા સંચાલિત ફિઝિયોથેરાપી સેન્ટર, માનસિક વિશિષ્ટ વિદ્યાર્થીઓ દ્વારા સંચાલિત પ્રિન્ટીંગ પ્રેસ અને ફર્નીચર વિભાગની મુલાકાત લીધી હતી. અહીં શારીરિક વિશિષ્ટ વ્યક્તિઓ માટે કૃત્રિમ પગ તેમજ અંધ બહેનો દ્વારા ગૃહ ઉદ્યોગ ચલાવી નાસ્તા, કાગળ, મોતીની વિવિધ બનાવટો તૈયાર કરી તેનું વેચાણ કરવામાં આવે છે.

ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ આ વસ્તુઓ ખરીદી વિશિષ્ટોને સહાય કરવાની પોતાની ભાવના વ્યક્ત કરી હતી.

# ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા હૂંફનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેર જરૂરિયાતમંદ ભાઈઓ-બહેનોને ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તથા અરુણોદય સેવા ટ્રસ્ટ દ્વારા ગરમ વસ્ત્રો, જેકેટનું વિતરણ કરવાની સેવાનો આરંભ કરવામાં આવ્યો છે.

આ અંગેની એક અખબારી યાદીમાં પ્રમુખ અરુણ બુચ દ્વારા જણાવવામાં આવ્યું છે કે ૧૯૯૧ની સાલથી ઠંડીમાં ગરમ વસ્ત્રો દ્વારા રાહત આપવાનું કામ વસાહત મહામંડળ તેમજ અરુણોદય ટ્રસ્ટ દ્વારા થઈ રહ્યું છે, તેના ભાગરૂપે ગુરુવારે આશરે ૮૦ લોકોને ગરમ જેકેટનું વિતરણ કરી હૂંફ પહોંચાડવામાં આવી હતી.

આગામી દિવસોમાં કાનઢાંકણ, મોજાં વગેરેનું વિતરણ કરી જરૂરિયાતમંદોને રાહત પહોંચાડવાનું સેવાકાર્ય સંસ્થાઓ દ્વારા થઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે મહામંડળ દ્વારા અત્યાર સુધીમાં એક લાખ પચાસ હજારથી વધુ ગરમ વસ્ત્રો દ્વારા જરૂરિયાતમંદોને નગરજનોના સહકારથી હૂંફ પહોંચાડવાની આ સેવા બજાવવામાં આવી છે.

# શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા મહેસૂલ તલાટીની પરીક્ષા માટે તાલીમ વર્ગો

ગાંધીનગર, તા. ૧૭

શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા આગામી દિવસોમાં લેવાનારી મહેસૂલ તલાટીની પરીક્ષા માટે તાલીમ વર્ગો શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

આ અંગેની એક અખબારી યાદીમાં કાર્યાલય મંત્રી જશવંતસિંહ ગોહિલે જણાવ્યું છે કે મહેસૂલતલાટીની કુલ ૨૪૮૦ જગ્યાની જાહેરાત કરવામાં આવી છે, જે માટે ઓનલાઈન અરજી તા. ૧૬ ડિસેમ્બરથી શરૂ થઈ ચૂકી છે. આ જગ્યા માટે લેખિત પરીક્ષા તા. ૨૧ ફેબ્રુઆરીના રોજ લેવામાં આવશે. જેમાં સફળતા માટે વિદ્યાર્થીઓએ અત્યારથી જ તૈયારીમાં લાગી જવું જોઈએ એવી હિમાયત કરતાં તેમણે તાલીમ લેવા ઈચ્છુક સમાજના યુવક-યુવતિઓને સત્વરે શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ, ગાંધીનગર ખાતે સંપર્ક કરવા જણાવ્યું છે. માર્ગદર્શન શિબિર તાત્કાલિક ચાલુ થશે એમ પણ તેમણે ઉમેર્યું છે. આ માટે સવારે ૧૦થી ૧૨.૩૦ અને ૧૫.૩૦થી ૧૯.૩૦ દરમ્યાન ફોન નં. ૨૩૨૨૬૪૪૪ ઉપર કાર્યાલય મંત્રીનો સંપર્ક સાધવા તેમણે અખબારી યાદીમાં જણાવ્યું છે. આ ઉપરાંત ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા બહાર પાડેલ ઓડિટર, એકાઉન્ટન્ટ, સબ ટ્રેઝરી ઓફિસર અને સિનિયર ક્લાર્કની લેખિત પરીક્ષા અંગે માર્ગદર્શન શિબિર તાજેતરમાં ચાલુ કરવામાં આવી છે, એવી જાહેરાત પણ તેમના દ્વારા કરવામાં આવી છે.

## બ્રહ્મભટ્ટ સમાજનું સ્નેહ મિલન રવિવારે સે. ૧૭ ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

બ્રહ્મભટ્ટ સમાજ, ગાંધીનગર તરફથી નૂતન વર્ષ નિમિત્તે સ્નેહ મિલન સમારંભ આગામી તા. ૨૦ ડિસેમ્બર ને રવિવારના રોજ યોજવામાં આવ્યો છે.

સમાજના પ્રમુખ દિલીપસિંહ જશવંતસિંહ બ્રહ્મભટ્ટ દ્વારા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે આગામી રવિવારે સવારે ૯.૩૦ કલાકે ટાઉનહૉલ, સૅક્ટર-૧૭ સામેની લોનમાં આ નૂતન વર્ષના સ્નેહ મિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે ઉપસ્થિત રહેવા તેમણે સર્વ જ્ઞાતિજનો, પરિવારજનોને આમંત્રણ પાઠવ્યું છે.

## ગુરુકુલ ખાતે શનિવારે ગાંધી જીવન દર્શન વિશે વાર્તાલાપ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધી મિત્ર વર્તુળ, ગાંધીનગર દ્વારા આગામી શનિવારે ગાંધી જીવન દર્શન વિશે વાર્તાલાપનું આયોજન ગુરુકુલ, સૅક્ટર-૨૩ ખાતે કરવામાં આવ્યું છે.

વર્તુળના મંત્રી સોમાભાઈ પરમારના જણાવ્યાનુસાર તા. ૧૯ના રોજ સવારે ૯ કલાકે શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, ટાવર બિલ્ડીંગ, સૅક્ટર-૨૩ ખાતે વર્તુળના સંયોજક ભાનુપ્રસાદ પુરામી દ્વારા ગાંધી જીવન દર્શન વિશે વાર્તાલાપ યોજવામાં આવશે તથા ધોરણ-૧૧ અને ધોરણ-૯ના વિદ્યાર્થીઓને ગાંધીજીની સંક્ષિપ્ત આત્મકથા ભેટમાં આપવામાં આવશે.

આ પ્રસંગે ઉપસ્થિત રહેવા તમામ ગાંધી મિત્રોને ગાંધી મિત્ર વર્તુળ, ગાંધીનગર દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# લાયોનેસ ક્લબ દ્વારા વિશિષ્ટો સાથે વિશિષ્ટ દિવસની ઉજવણી




ગાંધીનગર, તા.૧૭

વિશ્વ વિશિષ્ટ દિવસની ઉજવણીના ભાગરૂપે લાયોનેસ ક્લબ ગાંધીનગર દ્વારા સૅક્ટર-૨૮ની સમર્પણ મૂક-બધિર શીશુ વિદ્યામંદિર ખાતે બાળકોને ભરપેટ ભોજન કરાવવામાં આવ્યું હતું.

પ્રમુખ વૈશાલીબેન જોષીની રાહબરી હેઠળ વિશિષ્ટ દિવસની ઉજવણીના ભાગરૂપે વિદ્યામંદિરનાં ૬૦ જેટલાં બાળકોને આ ભોજન પીરસવામાં આવ્યું હતું.

આ સ્તુત્ય કાર્યમાં વૈશાલીબેન સાથે સેક્રેટરી દક્ષા જાદવ, કોર મેમ્બર કિન્નાબેન જાની, મિત્તલ રામા, જ્યોતિબેન પંચાલ, મીનાક્ષી જયસિંઘાની તથા સાધનાબેન પરમાર જોડાયાં હતાં. સમર્પણ મૂક-બધિર વિદ્યામંદિરના સંચાલકોએ આ ઉમદા કાર્યને સંપન્ન કરાવવા માટે પૂર્ણ સહયોગ આપ્યો હતો.

# ગુજરાત શિક્ષણ બૉર્ડની સામાન્ય સભા ૨૩ ડિસેમ્બરે

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની આગામી સામાન્ય સભા ૨૩ ડિસેમ્બરે મળશે. સભામાં બોર્ડના સભ્યોએ પોતાના પ્રસ્તાવો અને પ્રશ્નો બોર્ડને મોકલી આપ્યા છે. જેમાં એક સભ્યએ એલ.સી. અંગેના બે પ્રસ્તાવો રજૂ કર્યા છે. જ્યારે ધો-૧૦માં ગણિતમાં સમય વધારવા અને પરીક્ષાના ફોર્મ વહેલા ભરાતા હોઈ તે બીજા સત્રમાં ભરાય તે અંગે પણ પ્રશ્નો પુછાયા છે.

આ સભામાં બોર્ડના સભ્ય ડો. પ્રિયવદન કોરાટ દ્વારા ત્રણ પ્રસ્તાવો રજૂ કરાયા છે. જેમાં ધો-૧૨નો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થી શાળા છોડ્યાનું પ્રમાણપત્ર લઈ ગયા બાદ જો આ પ્રમાણપત્ર ખોવાઈ જાય ત્યારે તેને સોગંદનામુ કરવું પડતું હોઈ સમય, શક્તિ અને નાણાંનો વ્યય થાય છે. આ સ્થિતિમાં વિદ્યાર્થી કે વાલી સોગંદનામા પ્રકારની બાંહેધરી સાદા કાગળમાં આપે તો તેને પ્રમાણપત્ર આપવું જોઈએ તેવો પ્રસ્તાવ રજૂ કરાયો છે. જ્યારે શિક્ષણ બોર્ડની બેઠકો વખતે પ્રેસ પ્રતિનિધિઓને પ્રવેશ આપવામાં આવે તે અંગે પ્રસ્તાવ કરાયો છે. ડો. કોરાટે ધો-૧૦માં ગણિત વિષયને લઈને પણ પ્રશ્ન કર્યો છે, ધોરણ-૧૦માં બહુવિકલ્પ પધ્ધતિમાં તમામ વિષયો માટે સરખો સમય ફાળવાય છે ત્યારે ગણિતમાં ગણતરી કરવાની થતી હોવાથી ગણિત વિષય પુરતો સમય વધારવાનું બોર્ડ વિચારે છે કે કેમ ? ઉપરાંત બોર્ડની પરીક્ષા માટેના આવેદનપત્રો વર્ષની શરૂઆતમાં જ ભરાઈ જતાં હોઈ ફોર્મ ભરાયા બાદ વિદ્યાર્થીઓ શાળામાં આવતા નથી જેથી પરીક્ષાના ફોર્મ બીજા સત્રમાં જાન્યુઆરી કે ફેબ્રુઆરીમાં ભરાય તે અંગે બોર્ડ વિચારે છે કે કેમ તેવો પ્રશ્ન પુછ્યો છે. બોર્ડના સભ્ય વાલા ખેરે સાયન્સ સેમેસ્ટરની પરીક્ષામાં આન્સર કીમાં ભૂલના કારણે ગ્રેસિંગ આપવાનું નક્કી કરાયું છે કે કેમ તે અંગે પ્રશ્ન કર્યો છે. ઉપરાંત બોર્ડ સભ્ય ડો. હરેશકુમાર વાઢેળે પ્રશ્ન કર્યો હતો કે, જુલાઈમાં બોર્ડના ચૂંટાયેલા સભ્યોની મુદત પૂરી થાય છે ત્યારે નવા જિલ્લાઓ અમલમાં આવવાના લીધે મતદાર યાદી તૈયાર કરવાની કાર્યવાહી કરવાની થાય તો બોર્ડ મતદારયાદી તૈયાર કરવાનું વિચારે છે કે કેમ?

# એમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળાના પરિસરમાં વિદ્યાર્થિનીઓ દ્વારા દાબલા ઉજાણી





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળાની ધોરણ-૨ અને ૧ની ૩૩૨ વિદ્યાર્થીનીઓ દ્વારા બુધવારે શાળાના મેદાનમાં જ દાબલા ઉજાણીનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉજાણી અંતર્ગત સૌ વિદ્યાર્થીઓ માટે પાણીપુરીનું આયોજન શિક્ષકોની સહાયથી કરવામાં આવ્યું હતું. આ ઉજાણીનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં સંપ અને એકતા કેળવાય તે હતો. શાળાનાં આચાર્યા નીરૂબેન પટેલે આ આયોજનમાં જોડાઈ વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરી હતી.

# મેડિકલ એન્ટ્રન્સ પરીક્ષા માટે ૧૬૭૦ ફોર્મ ભરાઈને આવ્યાં

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત યુનિવર્સિટી દ્વારા આગામી તા. ૨૪મી જાન્યુઆરીએ પી.જી.મેડિકલમાં પ્રવેશ માટે એન્ટ્રન્સ ટેસ્ટ લેવાશે. આ ટેસ્ટમાં ઉપસ્થિત રહેવા ઈચ્છતાં વિદ્યાર્થીઓને ફોર્મ ભરવાની સૂચના આપવામાં આવી હતી. તા. ૧૫મી સુધીની સમયમર્યાદા આપવામાં આવી હતી. જેમાં કુલ ૧૬૭૦ જેટલા વિદ્યાથીઓએ ફોર્મ ભર્યા હતા. સામાન્ય રીતે દરવર્ષે બેઠક કરતાં ત્રણ ગણા વધારે ફોર્મ ભરાતા હોય છે. પંરતુ આ વખતે ચાર ગણા ફોર્મ ભરાયા હતા. પી.જી. મેડિકલની હાલમાં ૩૦૦થી વધારે બેઠકો ઉપલબ્ધ છે. પી.જી. મેડિકલ માટે એન્ટ્રન્સ ટેસ્ટના આધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. છેલ્લા કેટલાય સમયથી રાજયની તમામ પી.જી.બેઠકો માટે એક સાથે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ લેવાની વિચારણા કરવામાં આવી રહી છે. જોકે, આ અંગે કોઈ સહમતી ન થતાં હવે દરેક યુનિવર્સિટી પોતાની રીતે પરીક્ષા લઈને વિદ્યાથીઓને પ્રવેશ આપે છે.

ગુજરાત યુનિવર્સિટીમાં બેઠકો વધારે હોવાથી વિદ્યાથીઓ મોટી સંખ્યામાં એન્ટ્રન્સ ટેસ્ટ માટે અરજી કરતા હોય છે.

# આંખોને પાંપણોની કદર નથી હોતી




'કોઈ વસ્તુ કે વ્યક્તિ જ્યાં સુધી આપણી પાસે હોય ત્યાં સુધી આપણને એની કિંમત નથી સમજાતી, પરંતુ જ્યારે એ આપણાથી કાયમ માટે દૂર જાય ત્યારે આપણને એની કિંમત સમજાય છે. વસ્તુ કે વ્યક્તિ દૂર જાય એ પછી જ આપણને તેનું મૂલ્ય, અગત્યતા અને ઉપયોગિતા સમજાય છે. એ પાસે હોય ત્યારે એની કિંમત આપણને સમજાતી નથી, જેમ આંખોને પાંપણોની કદર નથી હોતી એમ જ.'

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજની એક વિદ્યાર્થીનીએ આજે આ મતલબની અભિવ્યક્તિ કરી, જે ઉપસ્થિત સૌ વિદ્યાર્થીઓને પ્રભાવિત કરી ગઈ.

અન્ય એક વિદ્યાર્થીનીએ અબ્રાહ્મ લિંકનના જીવન વિશે વાત કરી, 'એમના જીવન પરથી પ્રેરણા એ લેવાની કે ક્યારેય નિરાશ થવું નહીં અને ક્યારેય પ્રયાસ છોડવા નહીં. પ્રયાસ કર્યા કરશો તો સફળતા અવશ્ય મળવાની છે.'

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજમાં આવી વાતો હમણાંથી દરરોજ થાય છે અને નિત્ય આવી વાતોની અભિવ્યક્તિ વિદ્યાર્થીઓના માધ્યમથી થયા કરે છે.

કારણ એવું છે કે કૉલેજ ખાતે વાચન સપ્તાહની ઉજવણી ચાલી રહી છે. આ ઉજવણી વિશેષ એ અર્થમાં છે કે તે અંતર્ગત વિદ્યાર્થીઓને ન માત્ર પુસ્તકો વાંચવા માટેની તક મળે છે, પરંતુ એ પુસ્તકો વાંચ્યા પછી જે વાંચ્યું હોય એની અભિવ્યક્તિ કરવાની તક પણ મળે છે.

આજે વિદ્યાર્થીએ જે પુસ્તક વાંચ્યું હોય એ વિશે તેણે બાકી વિદ્યાર્થીઓ સામે રસિક ભાષામાં વાત કરવાની. દરરોજ આવી રીતે પાંચ વિદ્યાર્થીઓ પોતે વાંચેલી સામગ્રીની કે પુસ્તકની વાત કરે, એમાંથી જે વિદ્યાર્થીએ શ્રેષ્ઠ અભિવ્યક્તિ કરી હોય એને વિજેતા જાહેર કરવામાં આવે ને એને ઈનામમાં પાછું પુસ્તક જ આપવામાં આવે.

તા. ૧૪ ડિસેમ્બરથી આ વાચન સપ્તાહ શરૂ થયું છે. નિત્ય ચાર વિદ્યાર્થીઓ પૈકી શ્રેષ્ઠ અભિવ્યક્તિ કરનાર એક વિદ્યાર્થીની પસંદગી કરવામાં આવે છે, આવતીકાલ સુધી આ ક્રમ ચાલશે. એ પછી પાંચેય દિવસના વિજેતા વિદ્યાર્થીઓ વચ્ચે ફાઈનલ રાઉન્ડ યોજવામાં આવશે અને એ પૈકી જે સર્વશ્રેષ્ઠ અભિવ્યક્તિ કરશે તે વિદ્યાર્થીને સર્વશ્રેષ્ઠ અભિવ્યક્તિ કરનાર જાહેર કરી તેને વળી પુસ્તક જ ઈનામમાં આપવામાં આવશે.

૬૩ જેટલા વિદ્યાર્થીઓ આ વાચન સપ્તાહમાં ભાગ લઈ રહ્યા છે. સવારે ૧૧ વાગે એટલે લાયબ્રેરીમાં તેમણે આવી જવાનું અને ચૂંટી કાઢેલાં પુસ્તકો પૈકી એક પુસ્તક પસંદ કરીને વાંચવા બેસી જવાનું. એક કલાકના વાચન પછી એમને અભિવ્યક્તિની તક આપવામાં આવે. શરત એટલી કે ગઈકાલે વાંચ્યું હોય એ પુસ્તક વિદ્યાર્થીએ આજે નહીં વાચવાનું અને ગઈકાલે જે પુસ્તક વિશે અભિવ્યક્તિ થઈ હોય એના વિશે આજે અભિવ્યક્તિ નહીં કરવાની.

વાચન સપ્તાહ અંતર્ગત શુક્રવારે શહેરના ખ્યાત લેખક, કૉલમિસ્ટ અને સાહિત્યકાર રાઘવજી માધડ આ વિદ્યાર્થીઓ સાથે સાહિત્ય અંગે વાર્તાલાપ કરશે. આ પ્રસંગે વિદ્યાર્થીઓ તરફથી પુસ્તકની મહત્તા અંગેનું એક શેરી નાટક ભજવવામાં આવશે અને રાઘવજી માધડની ઉપસ્થિતિમાં જ પુસ્તક અભિવ્યક્તિનો ફાઈનલ રાઉન્ડ યોજવામાં આવશે, વિજેતાને ઈનામ આપવામાં આવશે.

યુવા પેઢીને પુસ્તકોની નજદીક લાવવાનો ને પુસ્તકો પ્રત્યે પ્રેમ પ્રગટાવવાનો સુંદર પ્રયાસ. વિદ્યાર્થીઓની અભિવ્યક્તિ કળા ખીલે એવોય સ્તુત્ય પ્રયાસ.

પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શનમાં ગ્રંથપાલ શ્રદ્ધાબેન વૈદ્યનું સુંદર આયોજન, અધ્યાપકોનો એ જ પ્રોત્સાહક પ્રતિસાદ ને કૉમર્સ કૉલેજ હોવા છતાં ૬૦થી વધુ વિદ્યાર્થીઓની ઉત્સાહી ભાગીદારી. સૌને અભિનંદન.

### સાચી વાત

પુસ્તક વાંચ્યા બાદ દરરોજ અભિવ્યક્તિ કરનારા વિદ્યાર્થીઓ પૈકી શ્રેષ્ઠ વિદ્યાર્થી પસંદ કરવાની અને એ શ્રેષ્ઠમાંથી ફાઈનલ રાઉન્ડના અંતે સર્વશ્રેષ્ઠ ભાવક પસંદ કરવાની ગ્રંથપાલ દ્વારા જાહેરાત કરવામાં આવી ત્યારે એક વિદ્યાર્થીએ નમ્રતાપૂર્વક ફાઈનલ સ્પર્ધામાં ભાગ લેવાનો ઈનકાર કરી દીધો. કારણ? વિદ્યાર્થીનો જવાબ, 'મને જ્ઞાન મળે એટલા માટે હું પુસ્તક વાંચું છું, સ્પર્ધામાં ભાગ લેવા માટે નહીં!'

આવી શીખ પુસ્તકો જ આપી શકે! શાબાશ દોસ્ત!





# ફિલ્મ બાજીરાવ મસ્તાની આજથી સિનેમાઘરોમાં

મુંબઈ,

સંજય લીલા ભણશાળીની નવી ફિલ્મ બાજીરાવ મસ્તાની દેશભરમાં આવતીકાલે રજૂ કરવામાં આવનાર છે. ભારતીય ઐતિહાસિક રોમાન્સ પર આધારિત નવી ફિલ્મને લઈને લોકોમાં ઉત્સુકતા છે. મરાઠા સમ્રાટ પેશવા બાજીરાવ પર ફિલ્મ બનાવાઇ છે. ફિલ્મમાં પ્રિયંકા ચોપડા અને દિપિકા મુખ્ય ભૂમિકા અદા કરી રહી છે. પ્રિયંકા ચોપડા બાજીરાવની પ્રથમ પત્નિ કાશીબાઈની ભૂમિકા કરી રહી છે. જ્યારે દિપિકા બાજીરાવની પ્રેમિકા મસ્તાનીની ભૂમિકા અદા કરી રહી છે. રણવીર સિંહ ફિલ્મમાં બાજીરાવની ભૂમિકામાં નજરે પડનાર છે. ૧૫૮ મિનિટ લાંબી આ ફિલ્મની ચાહકો છેલ્લા કેટલાક સમયથી રાહ જોઇ રહ્યા હતા. ફિલ્મને લઈને રજૂઆત પહેલા કેટલાક મોરચે વિખવાદ છે. ફોટોગ્રાફીની શરૂઆત ૨૩મી સપ્ટેમ્બર ૨૦૧૪ના દિવસથી શરૂ થઇ હતી. રણવીર અને પ્રિયંકા સાથે શુટિંગની શરૂઆત થઇ હતી. માર્ચ ૨૦૧૫માં ફિલ્મના શુટિંગની શરૂઆત કરવામાં આવી હતી. દિપિકાએ અન્ય પ્રોજેક્ટ પર કામ પૂર્ણ કર્યા બાદ તે જોડાઇ હતી.દિપિકા ફિલ્મમાં કેટલાક મુશ્કેલ સીન કરી ચુકી છે. તે ફિલ્મમાં યુદ્ધ લડતા નજરે પડે છે. આ ફિલ્મમાં એકબાજુ પેશવા બાજીરાવની તાકતાકને રજૂ કરવામાં આવી છે. જ્યારે બીજી બાજુ તેની મસ્તાની સાથે પ્રેમ કથાને પણ રજૂ કરવામાં આવી છે. ફિલ્મની રજૂઆતને લઈને હાલમાં સામાન્ય ચાહકોમાં ભારે ચર્ચા હતી. રોહિત શેટ્ટીની નવી ફિલ્મ દિલવાલે પણ આવતીકાલે જ દેશભરમાં રજૂ કરવામાં આવનાર છે. જેથી બે મોટી ફિલ્મો વચ્ચે સીધી ટક્કર રહેશે.